# ફોજદારી ઈન્કવાયરી નંબર ૦૩/૨૦૨૨

## આંક-૧ નીચે હુકમ:-

**પ્રવીણભાઈ ભરતભાઈ પરમાર,**
ઉ.વ.આ.૨૯, ધંધો:ગેરેજ કામ, ધર્મે:હીન્દુ,
રહે.બરવાળા, ઠે.સતવારા સમાજની વાડી પાસે,
મુ.બરવાળા, તાલુકો- બરવાળા, જીલ્લો- બોટાદ

**..........ફરીયાદી**

**વિરુદ્ધ**

**નરેશભાઈ રબારી,**
પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી,
એલ.સી.બી.શાખા, પોલીસ અધીક્ષકની કચેરી,
ખસ રોડ, બોટાદ, તા.જી.બોટાદ. **..........આરોપી**

## બાબત : ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪,૫૦૬(૨) અન્વયે ફરીયાદ.

**ફરીયાદીની ફરીયાદ હકિકત એવી છે કે,**

**(૧)** ફરીયાદીએ તારીખ ૨૯/૦૫/૨૦૨૨ રોજ ના બરવાળા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૧૯૦૦૦૧૨૨૦૨૦૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૦, ૪૫૪ મુજબ તેઓના ઘરેથી રૂપિયા ૧૦,૮૬,૫૦૦/- ની ચોરી થયા બાબત ફરીયાદ દાખલ કરેલ. જે ફરીયાદના કામે કોઈ તપાસ નહિ થતા, તેઓ બરવાળા પોલીસ સ્ટેશનમાં નીચેની વિગતે તપાસ કરવા જતા, આરોપીએ તેઓને ઢોરમાર મારેલ. જે બાબતની તેઓએ એસ.પી.શ્રી, બોટાદ, ગૃહમંત્રીશ્રી-ગાંધીનગર, મુખ્યમંત્રી, કલેકટરશ્રી વિગેરેને ફરીયાદ

તથા સમગ્ર ગુજરાત માંથી તેઓની જ્ઞાતિ તરફથી આવેદન પત્રો આપવા છતાં આજ સુધી એસ.પી.–બોટાદ કે સરકારશ્રી તરફથી આરોપી વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહિ થતા નાછુટકે તેઓને નામ દાર અદાલતમાં હાલની આ ફરીયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે.

(૨) તેઓ એ આરોપી વિરુદ્ધ કરેલ ફરીયાદ બાબતે કોઈ કાર્યવાહી નહી થતા તેઓ એ સતવારા સમાજ–બોટાદ દ્વારા કલેકટરશ્રી, બોટાદને આવેદન પત્ર તારીખ ૨૨/૦૬/૨૦૨૨ ના રોજ આપેલ તેમજ સમસ્ત સતવારા સમાજ–અમદાવાદ દ્વારા ગૃહ મંત્રીશ્રીને તારીખ ૨૮–૦૬–૨૦૨૨ ના રોજ અરજી આપેલ. ત્યારબાદ સતવારા સમાજ–સુરત, જામનગર, લીંબડી, ચુડા, બરવાળા, રાણપુર, ગઢડા, વડોદરા, ગાંધીધામ દ્વારા ગૃહ મંત્રીશ્રી તેમજ મુખ્ય મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવેલ તેમ છતાં તેઓ ની ફરિયાદ બાબતે કોઈ કાર્યવાહી નહિ થતા, ફરીયાદીએ તારીખ ૧૪/૦૭/૨૦૨૨ ના રોજ ગૃહ મંત્રીશ્રી તેમજ મુખ્ય મંત્રીશ્રીને લેખીત અરજી કરી યોગ્ય કાર્યવાહી કરવા અરજ–અહેવાલ કરેલ.

(૩) તેઓની ફરીયાદ રજીસ્ટરે નહિ લેવાતા, નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આરોપી વિરુદ્ધ કરેલ ફરીયાદ લગત ફરીયાદ રજીસ્ટરે લેવા તથા તેઓ એ આપેલ ચોરી અંગેની ફરીયાદ લગત કાર્યવાહી કરવા સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૭૯૩૭/૨૦૨૨ થી પીટીશન દાખલ કરેલ છે.

(૪) સદર ચોરીનો બનાવ તારીખ ૨૫/૦૫/૨૦૨૨ ના રોજ બન્યા બાદ, આરોપી સ્થળ તપાસ બાદ ફરીયાદીના ઘરે આવેલ અને ફરીયાદી ગુન્હેગાર હોય તે રીતે કહેલ કે, ચાલ તું ગાડીમાં બેસી જા અને પોલીસ સ્ટેશન લઇ ગયેલ અને કહેવા લાગેલ કે હું તારી ફરીયાદ લઈશ નહિ, તું જ આરોપી છે. આમ કહી ફરીયાદીને બરવાળા પોલીસ સ્ટેશનમાં નેતરની સોટી વડે માર મારી કહેવા લાગેલ કે "તે તારા ઘર માંથી ચોરી કરેલ છે. તું ગુન્હો કબુલ કરી લે." આમ કહી તેઓ ને ઘરે કાઢી મુકેલ અને ફરીયાદ લીધેલ નહિ.

(૫) ત્યારબાદ તારીખ ૨૬/૦૫/૨૦૨૨ ના રોજ ફરી વખત બરવાળા પોલીસ સ્ટેશનમાં જતા આરોપી રજા ઉપર હતા અને તેઓના ચાર્જમાં પી.એસ.આઈ.શ્રી વાળા સાહેબ આવેલ. તેઓને રજુઆત કરતા તારીખ ૨૬/૦૫/૨૦૨૨ ના રોજ શ્રી વાળા સાહેબ તથા અન્ય પોલીસ કોન્સ્ટેબલ આવેલ અને સ્થળ પરીક્ષણ કરી જતા રહેલ અને સાંજના સમયે એફ.એસ.એલ. વાળા અધીકારીએ સ્થળ તપાસ કરી ફીંગર પ્રિન્ટ લીધેલ અને ત્યારબાદ વાળા સાહેબે રાત્રે ૧૦:૦૦ કલાકે ફરીયાદી ને બોલાવી રાત્રે ૩:૦૦ કલાક સુધી પુછપરછ કરેલ અને ત્યારબાદ જવા દીધેલ. પરંતુ ફરીયાદ લીધેલ નહિ.

(૬) ત્યારબાદ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ ફરીયાદી તથા તેઓના ઘરના સભ્યો તેઓની ફરીયાદ રજીસ્ટર કેમ કરતા નથી તેવું પુછવા સવારના ૯:૦૦ કલાકે ગયેલા અને બપોરના ૦૧:૦૦ કલાક સુધી બરવાળા પોલીસ સ્ટેશનમાં બેઠેલ. પરંતુ ફરીયાદ લીધેલ નહિ અને તેઓ ઘરે પાછા આવતા રહેલ. ત્યારબાદ બપોરના ૩:૦૦ કલાકે એલ.સી.બી.પોલીસ તેઓના ઘરે આવેલ અને સ્થળ તપાસ કરેલ અને તેઓ ને કહેતા ગયેલ કે તમો અને તમારા ઘરના સભ્યો પોલીસ સ્ટેશન આવો. જેથી ફરીયાદી તથા તેઓના ઘરના સભ્યો પોલીસ સ્ટેશન ગયેલ અને તેઓ ની પુછપરછ કરેલ.

(૭) ત્યારબાદ તારીખ ૨૮/૦૫/૨૦૨૨ ના રોજ વાળા સાહેબે બરવાળા પોલીસ સ્ટેશનમાં બોલાવી કહેલ કે, તમે તમારા પત્ની, તમારા મોટા ભાઈ તથા તેમના પત્ની બોટાદ એલ.સી.બી.પોલીસ સ્ટેશનમાં જવાનું છે. આથી તેઓ બોટાદ આવેલ અને સાંજના ૬:૩૦ કલાકે તેઓ ને છુટા કરેલ અને એલ.સી.બી.પોલીસે કહેલ કે તમો બરવાળા પોલીસ સ્ટેશન જાવ ત્યાં તમારી ફરીયાદ નોંધી લેશે. આથી તેઓ રાત્રે ૯:૦૦ કલાકે બરવાળા પોલીસ સ્ટેશનમાં ગયેલ ત્યાં રાત્રીના ૧૨:૩૦ કલાક સુધી બેઠેલ પરંતુ ફરીયાદ લીધેલ નહિ.

(૮) ત્યારબાદ તારીખ ૨૯/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ કલાકે ફરીયાદી બરવાળા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધેલ છે કે કેમ? તેની તપાસ કરવા જતા ચોરીમાં ગયેલ મુદ્દામાલના બીલો વાળા સાહેબે મંગાવેલ જે રજુ કરતા, ફરીયાદ બપોરના ત્રણ કલાકે નોંધી લીધેલ અને તે જ દિવસે રાત્રે ૧૧:૦૦ કલાકે ડોગ સ્કોવડ આવેલ. ત્યારબાદ પોલીસ એજન્સીએ તારીખ ૩૦/૦૫/૨૦૨૨ થી તારીખ ૦૪/૦૬/૨૦૨૨ સુધી અલગ અલગ રીતે તપાસ કરેલ અને તારીખ ૦૫/૦૬/૨૦૨૨ ના રોજ આ કામ ના આરોપી ફરીયાદીના ઘરે આવેલ અને પુછપરછ કરી જતા રહેલ.

(૯) તારીખ ૦૬/૦૬/૨૦૨૨ ના રોજ આ કામના આરોપીએ ફરીયાદીને બરવાળા પોલીસ સ્ટેશનમાં બોલાવતા સવારના ૧૧:૦૦ કલાકે ફરીયાદી તથા તેમના પિતાશ્રી ભરતભાઈ ઉકાભાઈ પરમાર તથા દાદા હિંમતભાઈ ઉર્ફે ઘુડાભાઇ ઉકાભાઈ પરમાર તથા મોટાભાઈ અશોકભાઈ ભરતભાઈ પરમાર વિગેરે પોલીસ સ્ટેશન જતા ફરીયાદીને આરોપીએ અંદર બોલાવેલ અને ઉપરોક્ત બાકીના તમામ ઈસમો બહાર બેઠા હતા અને આરોપીએ ફરીયાદી ને સ્ટીક વડે બન્ને પગે, બરડામાં, જમણી બાજુ સાથળમાં, કુલા ઉપર તથા ઢીચણના ભાગે બેરહેમીથી ખભા ઉપર ઢોર માર મારેલ. આરોપીએ ફરીયાદી પાસે ગુન્હો ઉપર કબુલ કરાવવા આશરે ૫૦ થી ૬૦ જેટલા સોટા મારેલ અને કહેલ કે જો મારા વિરુદ્ધ ફરીયાદ કરીશ તો જાનથી મારી નાખીશ અને ફરીયાદીની ચીસો સાંભળી ફરીયાદીના દાદા હિંમતભાઈ ઉર્ફે ઘુડાભાઇ આરોપી પાસે માર નહિ મારવાનું કહેવા જતા તેઓને હડધુત કરી બીભત્સ શબ્દોમાં ગાળો આપી કાઢી મુકેલ.

(૧૦) ફરીયાદી પાસે ગુન્હો કબુલ કરાવવા આરોપીએ કહેલ કે તું ગુન્હો કબુલ નહિ કરે અને કેસ પાછો નહિ ખેંચે તો તારી અને તારા પત્નીનું માથે મુંડન કરાવી ગાંડ ઉપર લાત મારી આખા ગામમાં વરઘોડો કાઢીશ. સાંજના ૭:૩૦ કલાક સુધી બેસાડી રાખેલ.

**(૧૧)** સાંજના ૭:૩૦ કલાક પછી આરોપીએ તેઓ ને કાઢી મુકેલ અને રાત્રીના ૧૦:૦૦ કલાકે દવાખાનામાં એમ.એલ.સી.નં.૧૨૯૨/૨૦૨૨ થી ડૉ.એન.એ.જાદવ પાસે સારવાર લીધેલ, તે સમયે માર મારનાર આરોપીનું નામ તેઓ એ હિસ્ટ્રીમાં લખાવેલ, પરંતુ કોઈ અગમ્ય કારણોસર ડોકટરે હિસ્ટ્રીમાં આરોપીનું નામ લખેલ નથી. તેઓને ડીસ્ચાર્જ કરેલ. પરંતુ ફરીયાદીને વોમિટીંગ સતત ચાલુ હતુ અને ચક્કર આવતા હતા અને એડમીટ થવાનું કહેવા છતાં ડોકટરે ડીસ્ચાર્જ કરતા તેઓ બરવાળા સરકારી દવાખાનાથી બોટાદ સોનાવાલા દવાખાનામાં પહોચેલ. જ્યાં એમ.એલ.સી.નંબર ૨૬/૨૭૬, કેસ નંબર ૧૩૩૩ થી સારવાર કરવામાં આવેલ અને તારીખ ૦૭/૦૬/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૦૦ કલાક સુધી સોનાવાલા હોસ્પીટલમાં સારવાર લીધેલ. બાદમા આરોપીએ કહેલ કે તું જ્યાં હોઈ ત્યાંથી સવારના ૧૧:૦૦ કલાકે પોલીસ સ્ટેશન હાજર થઈ જજે. આથી તેઓ સોનાવાલા દવાખાનેથી બરવાળા પોલીસ સ્ટેશનમાં ગયેલ જ્યાં ૪:૦૦ વાગ્યા સુધી રોકાયેલ. પરંતુ બરવાળા પોલીસ સ્ટેશનમાં આરોપી હાજર હતા નહિ. આથી તેઓ પાછા સોનાવાલા હોસ્પીટલમાં દાખલ થઈ ગયેલ અને ત્યારબાદ તેઓ ને ડીસ્ચાર્જ કરેલ.

**(૧૨)** ઉપરોક્ત હકીકતે ચોર કોટવાલને દંડે તે રીતે મોટી રકમની ચોરીની યોગ્ય દીશામાં તપાસ કરવાને બદલે આરોપીએ જાણે કે ફરીયાદી તહોમતદાર હોઈએ તે રીતેનું ગેરવર્તન કરી, ઢોરમાર મારી, ગાળો આપી, ફરીયાદીના ફેમેલી મેમ્બરોને હેરાન કરી, તેઓ ને શારીરીક માનસીક ત્રાસ આપી, પ્રતિષ્ઠાને હાની પહોચે તેવું અને એક જવાબદાર અધિકારીને અને પોલીસ એજન્સી ઉપર લાંછન લાગે તેવું તેમજ પોલીસ પ્રજાને મદદરુપ થવાના બદલે રક્ષક પોતે જ ભક્ષક બની તેવું અધમ કૃત્ય પોલીસ એજન્સીના અધિકારીએ કરેલ હોઈ અને હાલની ફરીયાદ પછી પણ આરોપી કેવો ત્રાસ ગુજારશે તેનો વિચાર કર્યા વગર હિંમત એકઠી કરી, પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વિરુદ્ધ ફરીયાદ

દાખલ કરી, આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ પ્રોસેસ ઈસ્યુ કરવા અરજ કરેલ છે.

**(૧૩)** ઉપરોકત કામના ફરિયાદીની ફરિયાદ દાખલ કર્યા પછી કોર્ટ સમક્ષ વેરીફિકેશન કરવામા આવેલ જે વેરીફિકેશન દરમ્યાન તેઓએ અરજીના તથ્યોને વળગી રહેલા અને ત્યાર બાદ અત્રેની કોર્ટ દવારા ફરિયાદીના વેરીફિકેશન તેમજ ફરિયાદી દવારા રજુ કરેલ દસ્તાવેજ વંચાણે લઈ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદર કામની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવતા પહેલા ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૧૦ અન્વયે હાલની ફરીયાદ સ્ટે કરી, ડી.એસ.પી.શ્રી બોટાદ સમક્ષ કરેલ પોલીસ તપાસ નો અહેવાલ મંગાવવા હુકમ કરવામા આવેલો.

પોલીસ તપાસ નો રીપોર્ટ આંક–૮ થી રેકર્ડ મા રજુ થયેલ છે. **જેથી ફરીયાદીની ફરીયાદ તેમજ અરજીની હકીકત તથા રજુ થયેલ પોલીસ અધિક્ષક શ્રી બોટાદનાઓનો રીપોર્ટ તથા તેની સાથેના સાધનીક કાગળો વંચાણે લેતા બન્ને પક્ષોની વિરોધાભાષી હકીકતો રેકર્ડ પર આવેલ હોય,** જેથી સદર ઈન્કવાયરી ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૨ મુજબ કોર્ટ દવારા ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામા આવેલો.

આમ, ઉપરોકત પ્રોસીડીંગ જોતા સદર ફરીયાદ અંગેની ઈન્કવાયરી મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશ સાહેબશ્રીનાઓએ કોર્ટ ધ્વારા ઈન્કવાયરી આગળ ચલાવવાની કાર્યવાહી કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવે છે.

**(૧૪) ફરીયાદી ધ્વારા સદર ઈન્કવાયરીના કામે નીચે મુજબના સાહેદો સોંગધ ઉપર તપાસેલ છે.**

**૧) પ્રવિણભાઈ ભરતભાઈ પરમાર નુ સોગંદનામુ આંક–૧૬**

| | | |
|---|---|---|
| **૨)** | **ભરતભાઈ ઉકાભાઈ પરમાર** | **આંક–૧૭** |
| **૩)** | **ડો.નરેશભાઈ અરજણભાઈ જાદવ** | **આંક–૨૩** |
| **૪)** | **મેડીકલ સર્ટિફિકેટ** | **આંક–૨૪** |
| **૫)** | **ડો.યશભાઈ પરેશભાઈ પટેલ** | **આંક–૨૬** |
| **૬)** | **સારવાર સર્ટિફિકેટ** | **આંક–૨૭, ૨૮** |

**(૧૫)** ફરીયાદના સમર્થનમાં આંક–૧૬ થી ફરીયાદી પ્રવિણભાઈ ભરતભાઈ પરમાર નુ પુરાવા રૂપી સોગંદનામુ રજુ થયેલ છે. જેમા તેઓ પોતાની અરજીના તથ્યોને વળગી રહેલા છે. ત્યારબાદ આંક–૧૭ થી સાહેદ–ભરતભાઈ ઉકાભાઈ પરમાર કે જેઓ હાલના ફરીયાદીના પિતા છે તેઓને સોગંદ પર તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેમના ઘરે તારીખ ૨૫/૦૫/૨૦૨૨ ના રોજ ચોરી થયેલી હતી. જેથી તે ચોરી અંગેની ફરીયાદ બરવાળા પોલીસ સ્ટેશનમા નોંધાયેલ હોય, જેની પુછપરછ કરવા તારીખ ૦૬/૦૬/૨૦૨૨ ના રોજ તેઓ તથા ફરીયાદી તથા તેમના મોટાભાઈ હિંમતભાઈ તથા મનસુખભાઈ તથા દીકરો અશોક તથા ઘનશ્યામભાઈ એમ ૬ જણા ગયેલા. તે વખતે પો.સ.ઈ. એન.જી.રબારી એ પ્રવિણને ચેમ્બરમા લઈ ગયેલા અને દોઢ થી બે કલાક સુધી પુછપરછ કરેલ અને બાદ તેઓને ઘરે જમવા જવા મોકલેલ અને જમીને પો.સ્ટે. આવતા પ્રવિણને ચેમ્બર મા લઈ જઈ પુછપરછ કરતા તે દરમ્યાન સોટા મારવાનો અવાજ આવતા, તેઓએ પ્રવિણને બહાર મોકલી આપવા વિનંતી કરતા એન.જી.રબારી અપશબ્દો તથા ગાળો બોલતા હતા. ત્યારબાદ તેઓ એસ.પી.સાહેબ પાસે બોટાદ ગયેલા અને ત્યા એસ.પી.સાહેબે તેઓની હાજરીમા એન.જી.રબારી ને ફોન કરેલ અને બાદ એસ.પી.એ કહેલ કે, પો.સ.ઈ ને તેમની રીતે કાર્યવાહી કરવા દો તમે ઘરે જતા રહો, જેથી તેઓ બોટાદ થી બરવાળા પો.સ્ટે. આવેલા અને પ્રવિણ ને ઘરે લઈ ગયેલા ત્યારબાદ પ્રવિણને ઉલ્ટી થતા, બરવાળા સરકારી દવાખાને સારવાર

માટે લઈ ગયેલા અને વધુ સારવાર માટે બોટાદ સોનાવાલા હોસ્પીટલ લઈ ગયેલા ત્યા ત્રણ દીવસ સુધી સારવાર આપેલી અને દાખલ કરેલો.

(૧૬) ત્યારબાદ, ફરીયાદના સમર્થનમાં આંક–૨૩ થી બરવાળા સરકારી દવાખાના ના ડોકટર સાહેદ ડો.નરેશભાઈ અરજણભાઈ જાદવ ને સોગંદ પર તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, પ્રવિણભાઈ તારીખ ૦૬/૦૬/૨૦૨૨ ના રોજ સારવાર લેવા આવેલા અને લાકડી વડે માર મારવામા આવેલા નુ જણાવેલ અને દર્દીની તપાસ કરતા તેઓને પગના ભાગમા સોજો તથા શરીરના પીઠ પાછળના ભાગમા લાલાશ જોવા મળેલ અને દર્દી ને ઓપીડી પેશન્ટ તરીકે સારવાર આપેલ અને દવાઓ આપેલ. વધુમા જણાવે છે કે, **દર્દીની ઈજાઓ સામાન્ય હતી. દર્દીને કોઈ કોમ્પ્લીકેશન જોવા મળેલ ન હતા. તેઓએ દર્દીને સારવાર આપી તે જ દીવસે ડીસ્ચાર્જ કરેલ. અન્ય કોઈ જગ્યાએ રીફર કરેલ નથી.**

(૧૭) ત્યારબાદ, આંક–૨૬ થી બોટાદ સોનાવાલા હોસ્પીટલ ના ડોકટર સાહેદ ડો.યશભાઈ પરેશભાઈ પટેલ ને સોગંદ પર તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, પ્રવિણભાઈ તા.૭/૬/૨૨ ના રોજ સારવાર લેવા આવેલ અને પી.એસ.આઈ બરવાળા દવારા લાકડી વડે માર મારવામા આવેલા નુ જણાવેલ અને દર્દીની તપાસ કરતા તેઓને જોવા માળેલ ઈજાઓ નુ વર્ણન કરી વધુમા જણાવે છે કે, **THIS IS SIMPLE TYPE OF INJURY ACCORDING TO ME.** પદર્દીને થયેલ ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. ત્યારબાદ તેઓ સાથે લાવેલ મેડીકલ સર્ટીફીકેટ ઓળખી બતાવે છે.

**ત્યારબાદ, ફરીયાદીના વિ.વકીલશ્રી એ આંક–૨૯ થી વિશેષ કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ રાખવા માંગતા ન હોય કલોઝીંગ પુરસીસ આપેલ છે.**

(૧૮) ઉપરોકત ફરીયાદના અનુસંધાનમાં પોલીસ અધીક્ષકની કચેરી બોટાદ દવારા આંક-૦૮ થી ઉપરોકત કામમાં તપાસ કરી રિપોર્ટ મોકલવામાં આવેલ છે જે અન્વયે રજુ કરવામા આવેલ નિવેદનો વંચાણે લીધા તથા આ કામે ફરીયાદીએ સાહેદો તપાસેલ છે જેના નિવેદનો /જુબાની વંચાણે લીધી. રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ તથા અન્ય તમામ દસ્તાવેજોને કોર્ટ દવારા શાંતીથી અધ્યયન કરવામાં આવેલ છે. પોલીસનો રીપોર્ટ વંચાણે લેતા તેમા તેઓએ જણાવેલ છે કે, સદરહુ અરજીની તપાસ દરમ્યાન અરજદારે જણાવેલ વિગતે પો.સ.ઈ. શ્રીની હાજરી પો.સ્ટે. ન હોય અને તપાસમાં હોય તેમ છતા અરજદાર કોઈપણ રીતે શંકાસ્પદ હકિકત જણાવી અરજી અરજદારના પિતાશ્રીએ વકીલ પાસે લખાવી અરજદારની સહી લઈ કરેલ છે અને અરજદારને અરજી લખાવવા સાથે પણ લઈ ગયેલ નથી. જેથી સદરહુ અરજી બાબતે જે માર અંગેની હકિકત જણાવેલ જેમાં પણ ડૉ.શ્રી પાસેથી પણ કોઈ સાચી હકિકત જણાયેલ નથી અને અલગ અલગ હકિકત લખાવેલ હોય તેમજ બરવાળા ખાતેથી રીફર ન કરેલ હોવા છતા પોતે જાતે બોટાદ ખાતે આવી બીજા દિવસે પો.સ.ઈ. દ્વારા માર મારવા અંગેની રજુઆત કરેલ છે. જે અંગે ઉપર મુજબના તેઓના રૂબરૂ ના સાહેદોના નિવેદનોમાં તથા દસ્તાવેજી પુરાવાના આધારે તપાસ કરતા હકીકત શંકાસ્પદ જણાયેલ હોય તથા હકીકત પુરવાર થતી ન હોવા અંગેનો રીપોર્ટ આપેલ છે.

(૧૯) ઉપરોકત તમામ નિવેદન તથા તપાસેલા સાહેદોના નીવેદનો તથા મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લેતા આ તથ્ય કોર્ટના રેકર્ડ પર આવેલ છે કે, આ કામના ફરીયાદી દવારા તારીખ ૨૯/૦૫/૨૦૨૨ ના રોજ બરવાળા પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં. ૧૧૧૯૦૦૦૧૨૨૦૨૦૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૦, ૪૫૪ બાબતની ફરીયાદ દાખલ કરેલ છે. જેની એફ.આઈ.આર. સદર કામમા રજુ રાખેલ છે. જે ફરીયાદના કામે કોઈ તપાસ નહિ થતા ફરીયાદી બરવાળા પો.સ્ટે. જતા આ કામના

આરોપીએ ફરીયાદી ને ઢોર માર મારેલ. જેથી નામ.અદાલતમા હાલની ફરીયાદ દાખલ કરેલ છે. સદર ફરીયાદ અન્વયે રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ તથા પોલીસ તપાસ નો રીપોર્ટ અને અન્ય રજુ પુરાવાઓ નુ અધ્યયન કરતા તથા ફરીયાદી ની હકીકત જોતા સદર ફરીયાદમા ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ કાર્યવાહી કરવા અરજ કરેલ છે. જે અન્વયે ફરિયાદીનું નિવેદન જોતા મુખ્યત્વે આક્ષેપોની પુનરાવર્તનરૂપ છે અને તેને સ્વતંત્ર સમર્થન પ્રાપ્ત નથી. વધુમા ફરીયાદીએ તેમના નીવેદનમા જણાવેલ છે કે, તારીખ ૨૫/૦૫/૨૨ ના રોજ બરવાળા પો.સ્ટે.મા નેતરની સોટી વડે માર મારવામા આવેલ છે પરંતુ આ બાબતે કોઈ સારવાર લીધેલ નથી. વધુમા ફરીયાદી એ જણાવેલ છે કે, તારીખ ૦૬/૦૬/૨૦૨૨ ના રોજ ૦૩:૦૦ કલાકે તેઓ તથા તેમના પિતા તથા તેમના દાદા હિંમતભાઈ તેમના ભાઈ અશોકભાઈ પો.સ્ટે. જતા ફરીયાદીને અંદર બોલાવી સ્ટીક વડે ઢોર માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી અને બીભત્સ શબ્દોમા ગાળો આપી કાઢી મુકેલ. ત્યારે ઉપરોકત ફરીયાદી ના સમર્થનમા આંક-૧૭ થી સાહેદ ભરતભાઈ ઉકાભાઈ પરમાર કે જેઓ ફરીયાદીના પિતા છે તેઓ ને તપાસેલ છે તેઓની જુબાની જોતા તેઓ જણાવે છે કે, તારીખ ૦૬/૦૬/૨૨ ના રોજ બરવાળા પો.સ્ટે. તેઓ તથા તેમના દીકરો પ્રવિણ તથા તેમના ભાઈ હિંમતભાઈ તથા અશોક અને ઘનશ્યામભાઈ એમ કુલ ૬ જણા પો.સ્ટે. ગયેલા અને ત્યા તેમના દીકરા પ્રવિણ ની દોઢ થી બે કલાક પુછપરછ કરેલ બાદ તેઓને ઘરે જમવા મોકલેલ અને જમીને પો.સ્ટે. આવતા, તેમના દીકરા પ્રવિણને પી.એસ.આઈ. એ ચેમ્બરમા બોલાવી સોટી વડે મારતા હોય તેવો અવાજ આવતા તેઓએ વિતંની કરતા પી.એસ.આઈ એ અપશબ્દો તથા ગાળો આપેલા નુ જણાવે છે. **આમ, ફરીયાદી તથા તેમના પિતા બન્ને એકસાથે એક સમયે પો.સ્ટે. મા હાજર હતા તેમ છતા બન્ને ના નીવેદનો મા સ્પષ્ટ વિરોધાભાસ જણાઈ આવેલ છે. આમ, ફરીયાદી તથા સાહેદોના નીવેદનો જયારે વિરોધાભાસી હોય ત્યારે પ્રથમ**

**દ્રષ્ટિએ જ તે સાહેદ તથા ફરીયાદી અવિશ્વસનીય ગણાય. આ ઉપરાંત પોલીસ રીપોર્ટ વંચાણે લેતા, તારીખ ૦૬/૦૬/૨૨ ના રોજ કલાક ૧૩/૩૦ થી કલાક ૨૧/૦૦ સુધી પો.સ.ઈ. ગુનાની તપાસમા હોય પો.સ્ટે. હાજર ન હોય તેમજ આ અંગેની તેઓની વીકલી ડાયરીમા પણ નોંધ કરેલ છે. જે પણ આરોપીની સંડોવણી અંગે શંકા ઉભી કરે છે.** આ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. જેથી એકમાત્ર સાક્ષી ફરિયાદીના પિતા છે, જે “interested witness” ગણાય છે. **તેમનું નિવેદન corroboration વગર સ્વતંત્ર વિશ્વસનીયતા પ્રાપ્ત કરતું નથી.** વધુમા, તપાસેલ ડોકટર સાહેદોની જુબાનીઓ જોતા આંક–૨૩ થી તપાસેલ ડોકટર એન.એ.જાદવ ની જુબાનીમા  દર્દી એ **હીસ્ટ્રીમા કોને માર મારેલ છે તે હકીકત જણાવેલ નથી** અને **દર્દીની ઈજાઓ સામાન્ય પ્રકારની હતી તથા દર્દી ને કોઈ કોમ્પ્લીકેશન જોવા મળેલ ન હતા.** અને **તે જ દીવસે દર્દીને ડીસ્ચાર્જ કરેલ હતા વધુમા જણાવે કે દર્દીને તેઓએ અન્ય કોઈ જગ્યાએ રીફર કરેલ નથી.**તેમ છતા રેકર્ડ જોતા ફરીયાદી ને રીફર કરેલ ન હોવા છતા પોતે જાતે બોટાદ સોનાવાલા હોસ્પીટલ સારવાર અર્થે ગયેલા છે જે પણ ફરીયાદી ની ફરીયાદ ઉપર શંકા ઉત્પન્ન કરે છે. વધુમા, આંક–૨૬ થી તપાસેલ બોટાદ સોનાવાલ હોસ્પીટલ ના ડો.યશ પરેશભાઈ પટેલ ની જુબાની ધ્યાને લેતા તેમા પણ **THIS IS SIMPLE TYPE OF INJURY ACCORDING TO ME. ઈજાઓ સામાન્ય પ્રકારની જણાવેલ છે.** આમ, મેડિકલ પુરાવા મુજબ ઈજાઓ સામાન્ય પ્રકારની છે અને તે જ દિવસે દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે, **જે ફરિયાદમાં દર્શાવેલ હુમલાની ગંભીરતા સાથે સુસંગત જણાતું નથી.** વધુમા પોલીસ રીપોર્ટ મા ડોકટર શ્રીઓએ આપેલ નીવેદનમા પણ જણાવેલ છે કે, **દર્દીને થયેલ ઈન્જરી પડી જવાથી થઈ શકે તેવી હતી.**વધુમા ડો.યશ પટેલ નુ નીવેદન વંચાણે લેતા, '' **સારવાર પુર્ણ થતા તેઓએ દર્દીને ઘરે જવા સમજાવેલ પરંતુ તેઓ ગયેલ નહી અને હોસ્પીટલમા રહેલ હતા.** '' જે પણ દર્શાવે છે કે ફરીયાદી  આરોપી ઉપર ખોટા

આક્ષેપ કરી ખોટી ફરીયાદ દાખલ કરાવવા અંગેનો ગ્રીવન્સ હોય તેવુ જણાય આવે છે તથા **ઈન્કવાયરી દરમિયાન પ્રાપ્ત થયેલ પોલીસ રિપોર્ટ ફરિયાદના આક્ષેપો સાથે વિરોધાભાસી છે અને આરોપીની સંડોવણી અંગે શંકા ઉભી કરે છે.**ત્યારે કોઈ સ્વતંત્ર સાક્ષી રજૂ કરવામાં આવેલ નથી.

આ તબકકે **Rameshbhai Pandurao Hedau vs. State of Gujarat** માં માનનીય ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે સ્પષ્ટ કર્યું છે કે, સ્વતંત્ર સાક્ષીનો અભાવ અને માત્ર સંબંધિત સાક્ષી પર આધારિત કેસમાં સાવચેતીપૂર્વક વિચારણા જરૂરી છે.

વધુમા, ફરીયાદીએ આરોપી ઉપર જે **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪ નો આક્ષેપ છે તે અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪ ધ્યાને લેતા, ભયાનક શસ્ત્રો કે સાધનો દવારા સ્વેચ્છાપુર્વક વ્યથા પહોચાડવી.** પરંતુ ફરીયાદ ની હકીકત વંચાણે લેતા તથા મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લેતા, તેમા આ પ્રકારના શસ્ત્રો દવારા ઈજા કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. માત્ર નિવેદન, માત્ર શંકા વ્યક્ત કરવી કે માત્ર મૌખીક જુબાની આપવી તે ફોજદારી કાર્યવાહિ ગણાય નહિ. પરંતુ ફોજદારી કાર્યવાહિ એટલે એવી કાર્યવાહિ જે અદાલત કે જાહેર નોકર સમક્ષ કરવામા આવે તથા તે પુરવાર થાય તો કાનુની જોગવાઈ પ્રમાણે સજા થાય.

આ તબકકે નામ.સુપ્રિમ કોર્ટ નો, **Pepsi Foods Ltd. v. Special Judicial Magistrate** નો ચુકાદો ધ્યાને લેતા તેમા માનનીય સર્વોચ્ચ અદાલતે નિર્ધારિત કર્યું છે કે, **સમન્સ જારી કરવું એક ગંભીર બાબત છે અને મેજિસ્ટ્રેટે મશીનરી રીતે પ્રોસેસ જારી ન કરવો જોઈએ; પરંતુ પૂરતા આધારોનું ન્યાયિક મૂલ્યાંકન કરવું જરૂરી છે.**

વધુમા, Chandra Deo Singh VS. Prakash Chandra Bose ના ચુકાદા મુજબ આ તબક્કે કોર્ટએ જોવું કે **prima facie** કેસ ઉભો થાય છે કે નહીં; અને નિરાધાર અથવા અપર્યાપ્ત ફરિયાદોને આગળ વધવા દેવી નહીં.

હાલના કેસમાં ફરિયાદીનું નિવેદન અસહાયક છે અને એકમાત્ર સાક્ષી સંબંધિત છે. સ્વતંત્ર પુષ્ટિનો અભાવ નોંધપાત્ર છે. મેડિકલ પુરાવા ગંભીર હુમલાની પુષ્ટિ કરતા નથી, પરંતુ સામાન્ય ઈજાઓ દર્શાવે છે, જે ફરિયાદના આક્ષેપોની તીવ્રતા અંગે શંકા ઉભી કરે છે. આથી, આ કોર્ટનો વિચારપૂર્વકનો અભિપ્રાય છે કે આરોપી સામે આગળ કાર્યવાહી કરવા પૂરતા આધાર ઉપલબ્ધ નથી.

આ તબકકે **Nagawwa vs. Veeranna Shivalingappa Konjalgi** ના ચુકાદામા દર્શાવાયુ છે કે, **જયા ફરીયાદમા પુરાવાનો અભાવ હોય અથવા આક્ષેપો વિશ્વસનીયતા વિહોણા હોય ત્યા મેજીસ્ટ્રેટ દવારા પ્રોસેસ ઈશ્યુ ન કરવો યોગ્ય છે.**

આમ, ફરીયાદીની ફરીયાદનો સાર જોતા આરોપીએ ફરીયાદીને શારીરીક કોઈ પ્રકારની વ્યથા, ભયંકર હથીયારો અથવા સાધનો વડે પહોચાડેલ છે કે કેમ ? તે અંગેની કોઈ સ્પષ્ટતા સમગ્ર રેકર્ડ જોતા જણાઈ આવતી નથી. વધુમા આરોપીએ ગાળો આપેલ હોય તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે અંગેના પણ કોઈ સ્પષ્ટ અને પુરતા કારણો ન હોય, આ કામના આરોપી સામે ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો કોઈપણ પ્રકારનો પ્રથમદર્શનીય પુરાવો રેકર્ડમાંથી મળી આવતો નથી. આ તબકકે ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૦૩ ના પ્રબંધોનો ઉલ્લેખ અત્રે પ્રાસંગીક ગણાશે.

**કલમ–૨૦૩ ફરીયાદ રદ કરવી:–**

**ફરીયાદી તથા સાહેદોના સોગંધ પરના નિવેદનો (હોયતો) તથા કલમ-૨૦૨ હેઠળની તપાસ કે પોલીસ તપાસ (હોયતો) નું પરીણામ વિચારણામાં લીધા બાદ, મેજીસ્ટ્રેટનો એવો અભિપ્રાય થાય છે કાર્યવાહી માટે પુરતા કારણો નથી, તો તે ફરીયાદ રદ કરશે તથા તેમ કરવાના કારણો સંક્ષેપ માં નોંધશે.**

**કલમ-૨૦૩ ની જોગવાઈ અત્યંત સ્પષ્ટ તથા સંક્ષિપ્ત રૂપમાં છે. ફરીયાદપક્ષ તરફથી પુરાવો રજુ થાય અથવા તો કલમ-૨૦૨ હેઠળની તપાસ કે પોલીસ તપાસ વિચારણામાં લીધા બાદ મેજીસ્ટ્રેટને એવુ જણાય અથવા મેજીસ્ટ્રેટનો અભિપ્રાય એવો થાય કે, કાર્યવાહી માટે પુરતા કારણો નથી ત્યારે મેજીસ્ટ્રેટે તેવી ફરીયાદ અવસ્ય પણે રદ કરવી જોઈએ, કારણ કે કોઈ સંજોગોમાં પુરાવો ન હોય કે પુરતા કારણ ન હોય તો કાર્યવાહી કરવી તે ફોજદારી કાનુનના મુળભુત સિધ્ધાંતની વિરૂધ્ધમાં છે. જો કે ફરીયાદ રદ કરવા માટે મેજીસ્ટ્રટેને જે સત્તા આપવામાં આવી છે તે સત્તા અબાધિત કે મનસુફીની સત્તા નથી. ફરીયાદ રદ કરવા માટે સંક્ષિપ્ત કારણો આપવાના છે.**

(૨૦) હાલની ફરીયાદની ચર્ચા કર્યા પ્રમાણે આ કામના આરોપી સામે ફરીયાદી દ્વારા જે આક્ષેપો તથા આરોપ મુકેલ છે તે તદ્દન અસ્પષ્ટ છે. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૪ અન્વયે કોઇ ગુનાનુ કોગ્નીઝન્સ લેતા મેજીસ્ટ્રેટનો અભીપ્રાય એવો થાય કે કાર્યવાહિ કરવા માટે પુરતુ કારણ છે, ત્યારે મેજીસ્ટ્રેટ આરોપી વિરુધ્ધ પ્રોસેસ કાઢવાનો હુકમ કરે છે. જ્યારે આ કામે ફરીયાદી તથા સાહેદોના નિવેદન ધ્યાને લેતા વિરોધાભાષી હોય, અને ફરિયાદમાં દર્શાવેલ ઈજાઓ ની ગંભીરતા સાથે સુસંગત જણાઈ આવતા નથી અને આરોપીની સંડોવણી અંગે શંકા ઉભી કરે છે. મેડિકલ પુરાવા ગંભીર હુમલાની પુષ્ટિ કરતા નથી અને ફરિયાદના વર્ણન સાથે અસંગતતા દર્શાવે છે. તમામ

પરિસ્થિતિઓનું સમૂહિક મૂલ્યાંકન કરતાં આક્ષેપો prima facie વિશ્વસનીય જણાતા નથી. ત્યારે પ્રથમ દ્રષ્ટીએ તે સાહેદ તથા ફરીયાદી અવિશ્વસનીય જણાય. જેના કારણે આ કામના આરોપી સામેની કાર્યવાહિ ચલાવવા માટેના પ્રાથમીક પુરાવા તથા આવશ્યક તત્વો રેકર્ડ જોતા જણાતા નથી. જેથી કોર્ટ દ્વારા તમામ પુરાવાઓનુ સામુહીક અને સતર્ક મૂલ્યાંકન કર્યા બાદ હાલના કામે આગળની કાર્યવાહિ કરવા માટે પુરતા કારણો જણાતા ન હોય આ કામે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

- ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ–૨૦૩ મુજબ ફરીયાદ રદ (Dismissal of complaint) કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૩મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૧૩/૦૫/૨૦૨૬<br>સ્થળ–બરવાળા.** | **(નિતેશ કિશોરભાઈ નાચરે)<br>જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ<br>બરવાળા, જીલ્લો–બોટાદ<br>યુનિક જજ કોડ–જીજે૦૧૪૫૧** |